**Notification**

***Regarding***

**THE GUJARAT STATE UNORGANISED WORKERS' SOCIAL SECURITY RULES, 2011**

ગુજરાત રાજય બિન-સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબતના નિયમો, ૨૦૧૧ સબંધી

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૧

બિન-સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબત અધિનિયમ, ૨૦૦૮.

**ક્રમાંક : કેએચઆર-૨૦૧૧-૧૦૮-યુઓએલ-૧૩૨૦૧૧-૨૧૯-એમ-૨:-** બિન-સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબત અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ૩૩મા)ની કલમ ૧૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો ગુજરાત રાજય બિન-સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબતના નિયમો, ૨૦૧૧ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે બિન-સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબત અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ નો ૩૩મો) ;

(ખ) "બોર્ડ" એટલે અધિનિયમની કલમ ૬ હેઠળ રચાયેલું ગુજરાત રાજય સામાજિક સુરક્ષા બોર્ડ ;

(ગ) "અધ્યક્ષ" એટલે બોર્ડના અધ્યક્ષ;

(ઘ) "સભ્ય" એટલે બોર્ડના સભ્ય;

(ચ) "કલમ" એટલે અધિનિયમની કલમ ;

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ જેને વ્યાખ્યાયિત કરવામાં ન આવ્યા હોય પણ અધિનિયમમાં જેને વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત.- (૧) હોદ્દાની રૂએના સભ્ય સિવાયના સભ્ય, તેમની નામનિયુક્તિની તારીખથી ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે હોદ્દો ધરાવશે.

(૨) કલમ ૬ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ)ના પેટા-ખંડ (૩) હેઠળ નામનિયુક્ત થયેલ સભ્ય, તે જેનાથી ચૂંટવામાં આવ્યા હોય તે વિધાનસભાના સભ્ય હોતા બંધ થાય તો તે બોર્ડના સભ્ય હોતા બંધ થશે.

(૩) કલમ ૬ની પેટા-કલમ (૨) ના ખંડ (ગ) ના પેટા-ખંડો (૧), (૨) અને (૪) હેઠળ નામનિયુક્ત થયેલ સભ્ય, તે એવી રીતે નામનિયુક્ત થયેલ હોય તે હિત સંબંધ ધરાવતા વર્ગનું પ્રતિનિધિત્વ કરતા બંધ થાય તો તે બોર્ડના સભ્ય હોતા બંધ થશે :

પરંતુ કલમ ૬ની પેટા-કલમ(૨)ના ખંડ(ગ)ના પેટા-ખંડ(૧) હેઠળ નામનિયુક્ત થયેલ સાત વ્યક્તિઓમાંથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, લઘુમતીઓ અને મહિલાઓ, એ દરેકમાંથી એક સભ્યનું પ્રતિનિધિત્વ રહેશે.

(૪) સભ્ય પુનઃનામનિયુક્તિને પાત્ર રહેશે.

૪. રાજીનામું.- (૧) હોદ્દાની રૂએ સભ્ય ન હોય તેવો બોર્ડનો સભ્ય, અધ્યક્ષને સંબોધીને પત્ર લખીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે.

(૨) આવા સભ્યની બેઠક, તેનું રાજીનામું સ્વીકારવામાં આવે તે તારીખથી અથવા રાજીનામાની જાણ મળ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે, એ બેમાંથી જે વહેલું હોય, ત્યારથી ખાલી પડશે.

(૩) સભ્યનું રાજીનામું સ્વીકારવાની સત્તા અધ્યક્ષમાં નિહિત થશે, જે રાજીનામું સ્વીકાર્યે બોર્ડને તેની ત્યારપછીની બેઠકમાં જાણ કરશે.

૫. સરનામાનો ફેરફાર.- સભ્ય પોતાનું સરનામું બદલે, તો તેણે તેના નવા સરનામાની જાણ બોર્ડના સભ્ય-સચિવને કરવી જોઈશે, જેઓ તેમ થયે, તેના નવા સરનામાની સત્તાવાર રેકર્ડમાં નોંધ કરશે:

પરંતુ સભ્ય તેના નવા સરનામાની જાણ ન કરે તો સત્તાવાર રેકર્ડમાંના સરનામાને તમામ હેતુઓ માટે સભ્યના ખરા સરનામા તરીકે માની લેવામાં આવશે.

૬. ખાલી જગાઓ ભરવાની રીત.- બોર્ડના સભ્યપદમાંની કોઈ જગા ખાલી પડે અથવા ખાલી પડવાનો સંભવ હોય ત્યારે, અધ્યક્ષે રાજય સરકારને તે અંગે અહેવાલ રજૂ કરવો જોઈશે અને એવો અહેવાલ મળ્યે, રાજય સરકાર, જાહેરનામાથી, ખાલી જગા ભરવા માટે વ્યક્તિને નામનિયુક્ત કરી શકશે અને એવી રીતે નામનિયુક્ત થયેલી વ્યક્તિ, જે સભ્યની જગાએ તેને નામનિયુક્ત કરવામાં આવી હોય તે સભ્યનાં હોદ્દાની બાકીની મુદત માટે હોદ્દો ધરાવશે.

૭. સભ્યોના ભથ્થાં.- (૧) બોર્ડના સરકારી સભ્યનું પ્રવાસ ભથ્થાંનું નિયમન સરકારી ફરજ ઉપર તેણે કરેલી મુસાફરી માટે તેને લાગુ પડતા નિયમો દ્વારા થશે અને તેનો પગાર ચૂકવતાં સત્તામંડળ દ્વારા તે ચૂકવવામાં આવશે.

(૨) બોર્ડના બિન-સરકારી સભ્યોને બોર્ડની બેઠકોમાં હાજર રહેવા માટે, રાજય સરકારના વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર હોય તેવા દરે પ્રવાસ ભથ્થું ચૂકવવામાં આવશે અને દૈનિક ભથ્થાંની ગણતરી, રાજય સરકારના વર્ગ-૧ના અધિકારીઓને તેમના સંબંધિત સ્થળોમાં, મળવાપાત્ર વધુમાં વધુ દરે, કરવી જોઈશે.

૮. કામકાજનો નિકાલ.- બોર્ડને વિચારણામાં લેવા ફરમાવ્યું હોય તેવી દરેક બાબત બોર્ડની બેઠકમાં વિચારણામાં લેવી જોઈશે અથવા અધ્યક્ષ એવો આદેશ કરે તો, અભિપ્રાય અર્થે દરેક સભ્યને જરૂરી કાગળો મોકલીને કરવી જોઈશે અને બહુમતીના નિર્ણય અનુસાર તે બાબતનો નિકાલ કરવો જોઈશે :

પરંતુ કોઈ બાબત ઉપર બહુમતીનો કોઈ અભિપ્રાય ન હોય અને બોર્ડના સભ્યો એક સમાન રીતે તે બાબતે વિભાજીત હોય, ત્યારે અધ્યક્ષને બીજો અથવા નિર્ણાયક મત રહેશે.

સ્પષ્ટીકરણ.- ઉપરના પરંતુકના હેતુ માટે "અધ્યક્ષ" એ શબ્દપ્રયોગમાં બેઠકનું અધ્યક્ષ સ્થાન લેવા માટે નિયમ ૯ના પેટા-નિયમ (૨) હેઠળ નામનિયુક્ત થયેલ અથવા પસંદ કરેલ સભ્યનો સમાવેશ થાય છે.

૯. બોર્ડની બેઠક. - (૧) બોર્ડની બેઠક, અધ્યક્ષ નક્કી કરે તેવા સ્થળોએ અને તેવા સમયે ચાર મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.

(૨) અધ્યક્ષ, બોર્ડની, જેમાં તેઓ હાજર હોય તે, દરેક બેઠકનું, અધ્યક્ષસ્થાન લેશે અને તે, તેમની ગેરહાજરીમાં બોર્ડના સભ્યને એવી બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા નામનિયુકત કરી શકશે અને અધ્યક્ષે એવી રીતે નામનિયુક્તિ કરી ન હોય ત્યારે, એવી બેઠકમાં હાજર રહેલા બોર્ડના સભ્યો તેમનામાંથી એક સભ્યની બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા પસંદગી કરી શકશે.

૧૦. બેઠકની નોટિસ અને કામકાજની યાદી.- (૧) અધ્યક્ષે, સામાન્ય રીતે સૂચિત બેઠકની બે સપ્તાહની નોટિસ, બોર્ડના સભ્યોને આપવી જોઈશે :

પરંતુ અધ્યક્ષને પોતાને એવી ખાતરી થાય કે તેમ કરવું ઈષ્ટ છે, તો એવી બેઠક માટે એક મહિનાથી વધુ નહિ તેટલી લાંબી મુદતની નોટિસ આપી શકશે.

(૨) બોર્ડની બેઠક માટેના કામકાજની યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવું કોઈપણ કામકાજ, અધ્યક્ષની પરવાનગી વિના બેઠકમાં વિચારણામાં લઈ શકાશે નહિ.

(૩) અધ્યક્ષ, ચર્ચાના વિષય-વસ્તુ અને તાકીદના કારણો અંગે સભ્યોને અગાઉથી જાણ કર્યા પછી, તાકીદના કિસ્સામાં કોઈપણ સમયે બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે.

૧૧. કોરમ. - (૧) બોર્ડની કોઈપણ બેઠકમાં કોઈપણ કામકાજ થઈ શકશે નહિ સિવાય કે તે બેઠકમાં ઓછામાં ઓછા છ સભ્યો હાજર હોય, જેમાં વિધાનસભાના ઓછામાં ઓછા એક સભ્યનો સમાવેશ થશે :

પરંતુ બેઠકમાં છ કરતાં ઓછા સભ્યો હાજર હોય તો અધ્યક્ષ, કોરમ સાથે કે તે વિના એવી મુલતવી રાખેલ બેઠકમાં કામકાજનો નિકાલ ધારે છે તેવી હાજર રહેલા સભ્યોને જાણ કરીને અને બીજા સભ્યોને નોટિસ આપીને બેઠકને બીજી તારીખ પર મુલતવી રાખી શકશે, અને તેમ થયે, બેઠકમાં હાજર રહેતા સભ્યોની સંખ્યાને લક્ષમાં લીધા વિના મુલતવી રાખેલી બેઠકમાં કામકાજનો નિકાલ કરવાનું તેમને માટે કાયદેસર થશે.

(૨) રાજય સરકાર, બોર્ડની બેઠકમાં ભાગ લેવામાંથી હોદ્દાની રૂએના સભ્યો સિવાયના કોઈપણ સભ્યને અટકાવી શકશે જો તે-

(ક) અધ્યક્ષને લેખિત જાણ અને અધ્યક્ષની સંમતિ વિના બોર્ડની સતત ત્રણ બેઠકમાં પોતે ગેરહાજર રહે, અથવા

(ખ) રાજય સરકારના મતે, બોર્ડમાં જેનું પ્રતિનિધિત્વ કરવાનું અભિપ્રેત હોય તેવા હિતસંબંધ ધરાવતા વર્ગનું પ્રતિનિધિત્વ કરતો બંધ થયેલ હોય,

૧૨. **બિન-સંગઠિત કામદારોની નોંધણી માટે અરજી કરવાની રીત.**- (૧) અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ(૨)માં ઉલ્લેખેલી અરજી, ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા પંચાયતને અને શહેરી વિસ્તારોમાં શહેરી સ્થાનિક મંડળોને નમૂના ૧ માં કરવી જોઈશે.

નમૂનો-૧

(જુઓ નિયમ-૧૨)

૧. બિન-સંગઠિત કામદારનું નામ અને સરનામું :

૨. પિતાનું/પતિનું નામ :

૩. કાયમી સરનામું :

૪. જન્મ તારીખ અને ઉંમર :

૫. જાતિ :- અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, ઓબીસી, અન્ય :

૬. રાષ્ટ્રીયતા :

૭. લિંગ : પુરૂષ / સ્ત્રી

૮. શિક્ષણ :

૯. તમારી પાસે બી.પી.એલ. કાર્ડ છે ? :
જો હોય તો, બી.પી.એલ. કાર્ડ નંબર (બી.પી.એલ. કાર્ડની નકલ જોડવી) :

૧૦. કામે રાખનારનું નામ અને સરનામું :

૧૧. વ્યવસાય અને તમે કેટલા સમયથી આ વ્યવસાયમાં કામ કરો છે ? :

૧૨. તમે કાયમી, કરાર આધારિત, છૂટક કે સ્થાનાંતરીય કામદાર છો ? :

૧૩. દૈનિક/ત્રિમાસિક આવક :

૧૪. આશ્રિતો :

૧૫. (ક) પિતા :
(ખ) માતા :
(ગ) બાળકો :
(ઘ) અન્યો :

સ્થળ :　　નામ સાથે અરજદારની સહી અથવા અંગૂઠાની છાપ

તારીખ :

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના અધિક સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.